BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# ડાઉનટાઉન બ્રેમ્પટનમાં સૅમ રોબર્ટ્સ બેન્ડ સાથે ન્યૂ ઈયરમાં પ્રવેશ કરશો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 14, 2021) – વર્ષ 2022 માં પ્રવેશ કરવાનું કાઉન્ટડાઉન શરૂ થયું છે અને ઉજવણી કરવા માટે ડાઉનટાઉન બ્રેમ્પટનથી વધારે સારું સ્થળ કોઇ નથી! ગૅજ પાર્કમાં સ્કૅટિંગ, હેડલાઇનર (headliner) અને JUNO (જુનો) ઍવોર્ડ-વિજેતા કેનેડિયન રૉક બેન્ડ, સૅમ રોબર્ટ્સ (Sam Roberts) બેન્ડ તરફથી લાઇવ પરફોર્મન્સ (જીવંત પ્રસારણ), અને કાલ્સી લૉ (Kalsi Law) દ્વારા પ્રસ્તુત ભપકાદાર આતશબાજી પ્રદર્શન જોઇને ન્યૂ ઈયરમાં પ્રવેશ કરશો.

**રૂબરૂમાં મનોરંજન (લાઇવ ઇન-પર્સન એન્ટરટેઇનમેન્ટ)**
ગાર્ડન સ્ક્વૅર
શુક્રવાર, ડિસેમ્બર 31 | રાત્રે 9 વાગ્યાથી

રૂબરૂમાં મનોરંજન માટે જીવંત પ્રસારણથી ભરપૂર રાતથી ન્યૂ ઈયરમાં પ્રવેશ કરો.

- રાત્રે 9:05 વાગ્યે – અમીરાહ (Ameerah)
- રાત્રે 9:50 વાગ્યે – ખાસ મહેમાન, અયસાનાબી (Aysanabee)
- રાત્રે 10:40 વાગ્યે – સૅમ રોબર્ટ્સ બેન્ડ (Sam Roberts Band)
- રાત્રે 11:55 વાગ્યે – મેયર બ્રાઉન (Mayor Brown) અને કાઉન્સિલના સભ્યો
- મધરાત્રીએ 12 વાગ્યે – આતશબાજી

કૃપા કરી નોંધી લેશો કે સમય બદલાવાને અધીન છે.

સૅમ રોબર્ટ્સ બેન્ડ (જુનો - JUNO) ઍવોર્ડ-વિજેતા કેનેડિયન રૉક બેન્ડ છે અને તે વર્ષ 2002 થી હિટ સંગીત બનાવી રહ્યું છે. આ બેન્ડનું પ્રથમ આલ્બમ *ઇનહ્યુમન કન્ડિશન (Inhuman Condition)* કેનેડિયન ઇતિહાસમાં શ્રેષ્ઠ-વેચાણ ધરાવતું સ્વતંત્ર EP બન્યું, અને આ બેન્ડે ત્યારથી હિટ્સ આપવાનું ચાલુ રાખ્યું છે. આ બેન્ડે તેઓનું સાતમું સ્ટુડિયો આલ્બમ, *ઑલ ઑફ અસ (All Of Us),* ગત ઑક્ટોબર 2021 માં પ્રકાશિત કર્યું હતું. આલ્બમનું અગ્રેસર સિંગલ, *એસેન્સન (Ascension),* રૉક રેડિયો પર #7 પર પહોંચ્યું હતું અને આ આલ્બમના CBC (સીબીસી) રેડિયો પર ત્રણ અઠવાડિયા નંબર એક પર વિત્યા હતા.

આયોજનની વિગતો અને રોડ બંધ હોવા અંગેની માહિતી, પાર્કિંગ અને બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સાથે તમારા પ્રવાસના આયોજન માટે વેબસાઇટ જુઓ, [brampton.ca/newyearseve](brampton.ca/newyearseve)

સીટીના ઉદાર આયોજન પ્રાયોજક ટિમ હોર્ટોન્સ (Tim Hortons) નો આભાર.

**આઉટડોર સ્કૅટિંગ**
ગૅજ પાર્ક

ગૅજ પાર્ક રજાઓ દરમિયાન હજારો લાઇટોના પ્રકાશથી ઝગમગી ઉઠે છે. તમારા સ્કૅટ્સ લાવો અને ગૅજ પાર્ક સ્કૅટિંગ રિક્રિએશનલ ટ્રેઇલમાંથી પસાર થાવ, જો હવામાન અનુકૂળ રહે.

**સપોર્ટ લોકલ (સ્થાનિક લોકોને સહાયરૂપ થાવ)**
ડાઉનટાઉન તરફ વહેલું પ્રયાણ કરો અને બ્રેમ્પટનની અદભુત રેસ્ટોરન્ટ્સમાંની એકમાં ડિનર સાથે રાતનો સમય બહાર આનંદથી માણો, જેમાં આ આયોજન માટે ત્રણ ઔપચારિક ફૂડ પાર્ટનર્સ સામેલ છે:

- ધી વર્ક્સ ક્રાફ્ટ બર્ગર્સ ઍન્ડ બીયર: 8 ક્વીન સ્ટ્રીટ ઈસ્ટ
- પિઝાનીની (Pizzanini): 18 મેઈન સ્ટ્રીટ સાઉથ
- રા-પિઝા (RaPizza): 6 જ્યોર્જ સ્ટ્રીટ સાઉથ યુનિટ 2

બ્રેમ્પટન ફૂડ ગાઈડમાંથી પસંદગીની રેસ્ટોરન્ટ્સ તરફથી અજોડ ડીલ્સ અને ડિસ્કાઉન્ટ્સ મેળવવા નવો શરૂ કરેલો ફૂડ ગાઈડ પાસ પણ ડાઉનલોડ કરો.

**મેયર્સ ન્યૂ ઈયર્સ લૅવી**
સીટી હૉલ ફ્રન્ટ સ્ટેપ્સ
શનિવાર, જાન્યુઆરી 1, 2022 | બપોરે 12 – 2 વાગ્યા સુધી

વર્ષ 2022 ની શરૂઆત મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown) અને કાઉન્સિલના સભ્યો સાથે સીટી હૉલના ફ્રન્ટ સ્ટેપ્સ (આગળના ભાગના પગથિયા) પર કરીને આગામી વર્ષ માટે શુભેચ્છાઓ અને શુભકામનાઓની આપલે કરો. મીટ ઍન્ડ ગ્રીટ (મળીને શુભેચ્છાઓ પાઠવ્યા) પછી બપોરે 2-4 વાગ્યા સુધી ગૅજ પાર્કમાં કમ્યુનિટી સ્કૅટ યોજાશે.

મેયર્સ ન્યૂ ઈયર્સ લૅવી પર વધુ માહિતી મેળવવા, સીટીનું ઈવેન્ટ્સ કેલેન્ડર વેબસાઈટ પર જુઓ, brampton.ca/events

**અવતરણો (ક્વૉટ્સ):**

"નૂતન વર્ષ ભેગા થવાનો, ઉજવણી કરવાનો, ગત વર્ષને પ્રતિબિંબિત કરવાનો સમય ચિહ્નિત કરે છે અને આગામી વર્ષમાં તકો મેળવવાની આશા ઊભી કરે છે. રૂબરૂમાં આયોજનો ફરી શરૂ થવાની સાથે, આપણે 2022 ને સૅમ રોબર્ટ્સ બેન્ડના જીવંત મનોરંજન અને ડાઉનટાઉન બ્રેમ્પટનમાં આતશબાજીથી વધાવવાની આશા રાખીએ છીએ. હું રહેવાસીઓને ન્યૂ ઈયર્સ ડે, મીટ ઍન્ડ ગ્રીટ ઍન્ડ કમ્યુનિટી સ્કૅટ માટે અમારા રૂબરૂમાં ન્યૂ ઈયર્સ લૅવી પર મારી અને કાઉન્સિલર્સ સાથે જોડાવા પણ આમંત્રિત કરું છું. આ વાર્ષિક પરંપરા ન્યૂ ઈયરને શરૂ કરવાની પરિપૂર્ણ રીત છે!"

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રેમ્પટન*

"વાર્ષિક ન્યૂ ઈયર્સ ઈવ પર ઉજવણી આ વર્ષને સમેટવાની અને 2022 ને આવકારવાની પરિપૂર્ણ રીત છે. કૃપા કરી સુરક્ષિતપણે ઉજવણી કરો અને આ રજાઓના દિવસોમાં બધાં આરોગ્ય અને સુરક્ષા ઉપાયો અનુસરવાનું ચાલુ રાખો. ન્યૂ ઈયર્સ ડે પર, ચાલો આપણે સ્વાગત કરીએ કે ન્યૂ ઈયર્સ લૅવી પર વર્ષ 2022 બધી આશાઓ પાર પાડે અને આનંદમય બની રહે. તમને ત્યાં મળીશું!"

- *હરકિરત સિંઘ (Harkirat Singh), સીટી કાઉન્સિલર, વૉર્ડ્સ 9 અને 10; પ્રમુખ, કૉર્પોરેટ સર્વિસીસ, સીટી ઑફ બ્રેમ્પટન*

"બીજા એક પડકારમય વર્ષ દરમિયાન તમારા સતત પ્રયત્નો બદલ સીટી ઑફ બ્રેમ્પટનની સમગ્ર ટીમ અને બ્રેમ્પટન સમુદાયનો આભાર. તમે સૌએ COVID-19 સામે લડાઈ લડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ચાલો આપણે સૌ ડાઉનટાઉન બ્રેમ્પટનમાં વાર્ષિક ન્યૂ ઈયર્સ ઈવ રોમાંચક કાર્યક્રમોનું સમયપત્રક બની રહેવાના વચનો દર્શાવે છે ત્યારે તેની ઉજવણી સાથે મળીને સુરક્ષિતપણે કરીએ. સીટી વતી, હું આપને નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું!"

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર, સીટી ઑફ બ્રેમ્પટન*

-30-

**કેનેડામાં સૌથી ઝડપથી વિકસતા શહેરો પૈકી એક, બ્રેમ્પટન 7,00,000 લોકો અને 75,000 ધંધાઓનું ઘર છે.** આપણે જે કંઇ કરીએ છીએ તે લોકોના હ્રદયમાં વસે છે. આપણને આપણાં વૈવિધ્યસભર સમુદાયોથી સ્ફૂર્તિ મળે છે; આપણે રોકાણ આકર્ષીએ છીએ, અને આપણે ટેક્નોલોજીલક્ષી અને પર્યાવરણલક્ષી નવીન શોધની આગેવાની કરવાનું કામ હાથમાં લઈએ છીએ. આપણે પ્રગતિ સાધવા ભાગીદારી કરીને એવું આરોગ્યપ્રદ શહેર નિર્માણ કરીએ છીએ જે સુરક્ષિત, કાયમી અને સફળ રહે. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાઇ જાવ. વધુ માહિતી અહીં મેળવો, www.brampton.ca

**મિડિયા સંપર્ક:**
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ (Coordinator, Media & Community Engagement)
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca